

# Gujerati
## 9 key Questions

# રક્ષિત રહેઠાણોં (શેલ્ટર્ડ હાઉસિંગ)માં ફેરફારો થયા છે.

## નવ મુખ્ય સવાલો અને જવાબો

રક્ષિત (શેલ્ટર્ડ) અને રીટાયરમેન્ટ (નિવૃત્તી માટેના) રહેઠાણોં એ એક વિશાળ સંપત્તિ છે. યુ.કેમાં હાલમાં વધુ વૃદ્ધ વ્યક્તિઓ (એક મિલીયનના ત્રીજા ભાગના લોકો) રેસીડેન્શીયલ (નિવાસી સગવડ) અથવા નર્સિંગ હોમ (પરિચર્યા ગૃહ)ના બદલે શેલ્ટર્ડ અને રીટાયરમેન્ટ રહેઠાણોમાં રહે છે. શરૂઆતમાં શેલ્ટર્ડ અને રીટાયરમેન્ટ રહેઠાણોં પાછળનો છરાદો સારૂ આરોગ્ય ધરાવતી પ્રવૃત્ત વૃદ્ધ વ્યક્તિઓના ઉપયોગ માટેનો હતો. છતાંપણ, વસ્તિનું વલણ અને કોમ્યૂનિટીમાં દેખભાળને કારણેં વૃદ્ધ અને દુર્બળ વસ્તિ શેલ્ટર્ડ અથવા રીટાયરમેન્ટ રહેઠાણમાં રહે છે અથવા રહેવાની ઇચ્છા ધરાવે છે. આના કારણેં આ બદલાતી જતી જરૂરીયાતોનો પ્રત્યુત્તર વાળવા માટે સેવાઓનો વિકાસ થયો છે અને વધુ સંભાળ પૂરી પાડતી શેલ્ટર્ડ હાઉસિંગના નવા નમૂનાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. રહેવાસીઓ સ્વતંત્રતાથી રહી શકે છે અને "આજીવન ઘર" પૂરૂ પાડવાના હેતુસર ખાસ બનાવવામાં આવેલ રહેઠાણોંમાં તેઓની જીંદગી પૂરી કરી શકે છે. આ માહિતીપત્રિકા, છ* માહિતીપત્રિકાઓની શ્રેણીંમાંની એક છે, અને શેલ્ટર્ડ અને રીટાયરમેન્ટ હાઉસિંગ પૂરૂ પાડનારાઓના સંઘ (કોન્સોર્ટીયમ) મારફત બહાર પાડવામાં આવી છે.

નીચેના માટે 01249 654 249 ઉપર ટેલીફોન કરો :

- વધુ માહિતી પત્રિકાઓ માટે
- આ સંઘ (કોન્સોર્ટીયમ) અથવા વેબસાઇટ ઉપરથી માહિતી મેળવવા માટે
  www.shelteredhousing.org

નીચેનાઓ માટે છ* જુદી જુદી માહિતીપત્રિકાઓ ઉપલબ્ધ છે:

- હોસ્પિટલ અને પ્રાયમરી કેર સ્ટાફ
- સોશીયલ સર્વિસીઝ
- શેલ્ટર્ડ અને રીટાયરમેન્ટ રહેઠાણો પૂરા પાડનારાઓ
- સામાન્ય પુછપરછ, વૃદ્ધ વ્યક્તિઓ, મિત્રો અને સગાઓ - વિવિધ ભાષાઓમાં શેલ્ટર્ડ અને રીયાટરમેન્ટ રહેઠાણોં વિષે ૭ મુખ્ય સવાલો અને જવાબો
- નિવાસી સંભાળ - શેલ્ટર્ડ અને રીટાયરમેન્ટ રહેઠાણ પૂરૂ પાડતી સંસ્થાના કર્મચારીઓ માટે સારા વ્યવહારની માર્ગદર્શિકા
- સપોર્ટીંગ પીપલ (લોકોને ટેકો પૂરો પાડવો) - શેલ્ટર્ડ રહેઠાણોં પૂરૂ પાડતી સંસ્થાના કર્મચારીઓ માટે માર્ગદર્શિકા અને ચેકલીસ્ટ (તપાસ યાદી)



ERoSH
Speaking up for Sheltered Housing
Registered Charity No 1098060



**સ. 1 રક્ષિત રહેઠાણ (શેલ્ટર્ડ હાઉસિંગ) શું છે?**

આ ખાસ હેતુસર બનાવવામાં આવેલ રહેઠાણો છે, જે ખાસ કરીને વૃધ્ધ વ્યક્તિઓ મારફત ભાડે રાખવા અથવા ખરિદવા માટે ઉપલભ્ય છે. તેને કેટલીક વખત રીટાયરમેન્ટ રહેઠાણોના નામે ઓળખવામાં આવે છે. કેટલીક રક્ષિત રહેઠાણોની યોજનાઓ એક્સ્ટ્રા કેર શેલ્ટર્ડ હાઉસિંગ (વધુ સંભાળ પૂરી પાડતા રક્ષિત રહેઠાણો)/વેરી શેલ્ટર્ડ હાઉસિંગ (ખુબજ રક્ષિત રહેઠાણો)/જીવવામાં મદદ(અસીસ્ટેડ લીવીંગ)ના નામે ઓળખાય છે. આ દરેક, ત્યાંજ હાજર હોય તેવી કેર ટીમ મારફત સંભાળ અને મદદ પૂરી પાડે છે.

**સ. 2 તેઓ કઇ સેવાઓ પૂરી પાડે છે.**

વિવિધ શેલ્ટર્ડ સ્કિમો વિવિધ સેવાઓ પૂરી પાડે છે. છતાંપણ, સામાન્ય રીતે તેઓ નીચેનામાંની ઘણીં સેવાઓ પૂરી પાડે છે.

- પોતાનું બાથરૂમ અને રસોડામાં કબાટો બેસાડેલ હોય તેવા અંદર દરેક સુવિધાઓ સહિતના ફ્લેટો
- ભાગિદારીમાં વાપરવામાં આવતી સુવિધાઓ જેવીકે
  - લોન્ડ્રી (કપડા ધોવાની સુવિધા)
  - ભાગિદારીમાં વાપરવામાં આવતો વિશ્રામખંડ
  - બાગો
  - અતિથિઓ માટેનો ઓરડો
- સુરક્ષા અને સલામતીના સાધનો
- એક વોર્ડન/સ્કીમ મેનેજર (કેટલીક વખત સ્કીમમાં રહેવાસીઓ)
- કટોકટીમાં દરેક ફ્લેટોમાંથી કોલ સેંટરોમાં કનેક્શન મારફત 24 કલાક મદદ.

શેલ્ટર્ડ રહેઠાણો પૂરી પાડતી ઘણીં સંસ્થાઓ આજીવન ઘર પૂરૂ પાડવાનો ધ્યેય ધરાવે છે - તેઓને પુછો.

**સ.3 સ્કીમ મેનેજર શું કરે છે?**

ફરીથી, આનો આધાર સ્કીમના પ્રકાર અને રહેવાસીઓની જરૂરીયાતો ઉપર રહે છે. સામાન્યરીતે તેઓ :

- નવા રહેવાસીઓને સેટલ (સ્થિર) થવામાં મદદ કરે છે અને દરેક વસ્તુઓ કેવી રીતે કામ કરે છે તે સમજાવે છે.
- રહેવાસીઓ સાથે નિયમિત સંપર્ક કરે છે.
- રહેવાસીઓ સાથે જરુરીયાતોની આંકણીં કરે છે અને તેઓની સ્વતંત્રતા જાળવી રાખવામાં મદદ કરવાના હેતુસર મદદ કરવાની યોજના મંજૂર કરે છે.
- રહેવાસીઓ સાથે વિચારવિમષ સહ, કુટુંબો, સરકારી, મરજીયાત અને ખાનગી સંસ્થાઓ સાથે આ જરૂરીયાતોને પૂરી કરવા માટે વાતચિત કરે છે.
- કટોકટીઓમાં મદદ કરે છે.
- સામાજીક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપે છે.
- સમારકામો અને જાળવણીના કામોનો હેવાલ આપે છે અને તેનું દેખરેખ નિયંત્રણ કરે છે.
- ખરિદી, સફાઇ, ખાવાનું રાંધવુ, અંગત અને નર્સિંગ સંભાળ જેવી સેવાઓને લગતી માહિતી આપે છે અને સેવાઓનું સંકલન કરે છે. તેઓ ભાગ્યેજ સીધી સેવાઓ પૂરી પાડે છે, છતાંપણ તેઓ રહેવાસીઓને આ સેવાઓ સુધી પહોંચ મેળવવામાં મદદ કરવા માટે હિમાયતી અને સંપર્ક કરનારની ભૂમિકા ભજવી શકે છે.
- રહેવાસીઓના ભાડાપટાઓને લગતી મદદ અને સહાય પૂરી પાડવી અને રહેવાસીઓને અન્ય સુવિધાઓ પાસે મોકલવા.

**સ.4 રક્ષિત રહેઠાણ (શેલ્ટર્ડ હાઉસિંગ) માટે કોણ યોગ્યતા ધરાવે છે?**

- રહેઠાણો પુરી પાડતી જુદી જુદી સંસ્થાઓ અને ઘરમાલિકો જુદા જુદા માપદંડો નક્કી કરે છે પરંતુ મોટા ભાગા એવુ જણાવે છે કે તમારી ઉંમર 60 વર્ષ કરતા વધુ હોવી જોઇએ. એકલા રહેતા અથવા યુગલ તરીકે (સાથી સાથે) રહેતા લોકો યોગ્યતા ધરાવે છે.

તેઓ રહેવાસીઓને આ સેવાઓ સુધી પહોંચ મેળવવામાં મદદ કરવા માટે હિમાયતી અને સંપર્ક કરનારની ભૂમિકા ભજવી શકે છે.

- રહેવાસીઓના ભાડાપટાઓને લગતી મદદ અને સહાય પૂરી પાડવી અને રહેવાસીઓને અન્ય સુવિધાઓ પાસે મોકલવા.

**સ.4 રક્ષિત રહેઠાણ (શેલ્ટર્ડ હાઉસિંગ) માટે કોણ યોગ્યતા ધરાવે છે?**

- રહેઠાણો પુરી પાડતી જુદી જુદી સંસ્થાઓ અને ઘરમાલિકો જુદા જુદા માપદંડો નક્કી કરે છે પરંતુ મોટા ભાગા એવુ જણાવે છે કે તમારી ઉંમર 60 વર્ષ કરતા વધુ હોવી જોઇએ. એકલા રહેતા અથવા યુગલ તરીકે (સાથી સાથે) રહેતા લોકો યોગ્યતા ધરાવે છે.
- હવે ઘણાં લોકો રક્ષિત ઘરમાં (શેલ્ટર્ડ હાઉસ)માં રહેવા જઇ શકે છે અને ત્યાંજ રહી શકે છે, કારણકે મકાનો સ્વાસ્થ્ય, સંભાળ અને મદદની સેવાઓ પૂરી પાડવામાં સરળતાના ખાસ હેતુસર બનાવવામાં આવેલ છે. સામાન્યરીતે તમે ત્યાં રહેવા જાવ તે પહેલા તમારી સાથે તમારી ખાસ જરૂરીયાતો વિષે ચર્ચા કરવામાં આવશે કે જેથી તમે આવો તે પહેલા સેવાઓ ઉપલભ્ય કરવામાં આવે તેની ખાતરી કરવામાં આવે.
- મોટા ભાગના રક્ષિત રહેઠાણો પૂરા પાડનારાઓ સંભાળ (દેખભાળ) નથી પૂરી પાડતા પરંતુ સંભવિત રહેવાસીઓને આ સંભાળ મેળવવામાં મદદ કરવા માટે કદાચ સમર્થ હશે.

**સ.5 આ માટે કેટલો ખર્ચ ચુકવવો પડશે?**

- જો તમે રહેઠાણ ભાડે રાખતા હોવ તો અઠવાડીયાનું ભાડુ અને ઉપરાંત સર્વિસ ચાર્જ (સેવાઓ માટેનો ખર્ચ) અને સપોર્ટ ચાર્જ (મદદ માટેનો ખર્ચ)
- જો તમે રહેઠાણ ખરિદો તો તમારે સર્વિસ ચાર્જ (સેવાઓ માટેનો ખર્ચ) અને સપોર્ટ ચાર્જ (મદદ માટેનો ખર્ચ) ચુકવવો પડશે.
- ભાડેના અને માલિકીના રહેઠાણોની યોજનાઓ બન્નેમાં સર્વિસ ચાર્જમાં સફાઇ, બાગકામ અને સામાન્ય/ભાગિદારીમાં વપરાશના વિસ્તારોને સજ્જ કરવા અને જાળવણીના ખર્ચનો સમાવેશ થાય છે.
- તમે કદાચ હાઉસિંગ બેનિફિટ અથવા ઇન્કમ સપોર્ટ મારફત ભાડામાં મદદ માટે યોગ્યતા ધરાવશો અને અરજી કરતી વખતે તમને આ વિષે માહિતી આપવામાં આવશે. તમે કદાચ સ્થાનિક સપોર્ટીંગ પીપલ ટીમ પાસેથી મદદ માટેનો ખર્ચ ચુકવવા માટે સહાય મેળવવા માટે પણ યોગ્યતા ધરાવશો. આ વિષે તમને સ્કીમ મેનેજર સલાહ આપી શકશે.

**સ.6 રક્ષિત (શેલ્ટર્ડ)/નિવૃત્તી માટેના (રીટાયરમેન્ટ) રહેઠાણોમાં રહેવાના ફાયદાઓ શું છે?**

- સારી ગુણવત્તાના રહેઠાણો
- શકય હોય ત્યાં સુધી આજીવન ઘર
- તમારૂ પોતાનું આગળનું બારણું.
- સ્વતંત્રતા
- માનસિક શાંતી અને સ્કીમ મેનેજર અથવા કટોકટીમાં સેંટ્રલ કન્ટ્રોલ મારફત મદદ ઉપલભ્ય
- સુરક્ષા
- જ્યારે જરૂર હોય ત્યારે મદદ
- જ્યારે કોઇની ઉપસ્થિતીની જરુર હોય ત્યારે કોઇની ઉપસ્થિતી
- કોમ્યૂનિટીનો એક હિસ્સો બનવાનું ચાલુ રાખવુ
- ઘરમાલિક/રહેઠાણ પૂરૂ પાડનારાઓની પસંદગી

**સ.7 એક રક્ષિત રહેઠાણની યોજનામાં મારે કઇ બાબતો ઉપર ધ્યાન આપવુ જોઇએ?**

તમારે શું જોઇએ છે તે બાબતે ચોક્કસ રહો અને તમારા માટે નીચેનામાંથી કયા ઘટકો અગત્યના છે તે નક્કી કરો.

- સ્થળ - દુકાનો, વાહનવ્યવહાર અને સર્જરીઓ સુધી પહોંચમાં સરળતા
- બનાવટ - ખાસ જરૂરીયાતો માટે યોગ્ય (વ્હીલચેર, જોવામાં અક્ષમતા વગેરે)
- ભાગિદારીમાં વાપરવામાં આવતી સુવિધાઓ (આ સુવિધાઓ તમને જોઇએ તેવી છે?)
- ફ્લેટનું કદ અને ગોઠવણી (તે તમારી જરૂરીયાતોને પૂરી કરે છે?)





- વાતાવરણ
- જ્યારે જરૂર પડે ત્યારે મદદ ઉપલબ્ધ છે
- સ્કીમ મેનેજર (શું તેઓ તમને યોગ્ય આવકાર અને માહિતી પૂરી પાડે છે?)
- ખર્ચ
- અન્ય રહેવાસીઓ (ત્યાં રહેવા વિષે તેઓના શું મંતવ્યો છે?)
- સેવાઓ અને સ્થળ તમારી સાંસ્કૃતિક, ભાષાકિય અને ધાર્મિક જરૂરીયાતોને પૂરી કરે છે?

**સ.૮ કઇ મદદ ઉપલબ્ધ છે અને સેવાઓના પ્રકાર વિષે મારૂ કેટલુ સાંભળવામાં આવશે?**

- મદદનો પ્રકાર અને માત્રાનો આધાર તમારી જરૂરીયાતો, યોજના અને સ્થાનિક વિસ્તાર ઉપર રહેશે અને તમને કઇ મદદ પૂરી પાડવામાં આવશે તે વિષે ચોક્કસ માહિતી મેળવવા માટે તમારી સ્કીમ મેનેજર સાથે વાતચિત કરવી જોઇએ.
- ઘરમાલિક, મદદ પૂરી પાડનાર અને સ્થાનિક સપોર્ટીંગ પીપલ ટીમ કદાચ સમયગાળે સેવાઓની ગુણવત્તા, પૈસાનું મુલ્ય ચુકવતી સેવાઓ પૂરી પાડવામાં આવે છે કે નહીં અને સેવાઓ કેવી રીતે પૂરી પાડવામાં આવે છે તે પુછપરછ કરવા માટે રહેવાસીઓનો સંપર્ક સાધે.
- તમને મળતી સેવાઓ વિષે તમારી સાથે સલાહવિમષ કરવામાં આવે તે માટેનો હક તમે ધરાવો છો.
- જે વ્યક્તિઓ અંગ્રેજી ના બોલતી હોય તેઓએ એની ખાતરી કરવી જોઇએ કે ભાષાને લગતી મદદ ઉપલબ્ધ છે.
- ભાડાપટાના ભાગરૂપે દિવસમાં ઓછામાં ઓછી એક વખત ભોજન પૂરૂ પાડતી એક્સ્ટ્રા કેર સ્કીમો માટે સાંસ્કૃતિકરૂપે યોગ્ય ખોરાક પૂરો પાડવામાં આવે છે તેની ખાતરી કરવા માટે મદદ ઉપલબ્ધ હોવી જોઇએ.

**સ.૯ હું રક્ષિત (શેલ્ટર્ડ)/ નિવૃત્ત લોકો માટેના (રીટાયરમેન્ટ) રહેઠાણ માટે વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?**

તમારી સ્થાનિક કાઉન્સિલ અથવા સલાહ પૂરી પાડતી સ્થાનિક સર્જરીઓ, હાઉસિંગ એસોસીએશનો અને ખાનગી ધોરણેં રીટાયરમેન્ટ રહેઠાણો પૂરા પાડનારાઓનો સંપર્ક સાધો અને સ્કીમની મુલાકાત લેવાની ગોઠવણ કરો.

સલાહ આપતી રાષ્ટ્રિય સંસ્થાઓની એક યાદી નીચે પ્રમાણેં છે :

- એલ્ડરલી એકોમોડેશન કાઉન્સિલ (EAC) આખા યુ.કેમાં વૃદ્ધ લોકો માટેની 21,000 રહેઠાણોંની યોજનાઓ વિષે માહિતી પૂરી પાડે છે.
  ટેલિ : 020 7820 1343
  ઇમેલ : enquiries@e-ac.demon.co.uk
  વેબસાઇટ : www.HousingCare.org

- એડવાઇસ, ઇન્ફર્મેશન એન્ડ મીડીએશન સર્વિસ (AIMS) રક્ષિત રહેઠાણોંમાં રહેતા રહેવાસીઓને માટે માહિતી, કાનૂની સલાહ અને વિવાદના નિકાલની સેવા પૂરી પાડે છે.
  ટેલિ : 0845 600 2001
  ઇમેલ :aims@ace.org.uk
  વેબસાઇટ :www.ageconcern.org.uk/aims

- એજ કન્સર્ન ઇન્ફોર્મેશન લાઇન વૃદ્ધ વ્યક્તિઓ અને તેઓના સગા તથા મિત્રો, અને દેખભાળ કરનારાઓ તથા વ્યવસાયિક લોકોને સેવા પૂરી પાડે છે. પાંચ જેટલી માહિતીપત્રિકાઓ વિનામૂલ્યે પ્રાપ્ત કરવા માટે ઇન્ફોર્મેશન લાઇનનો સંપર્ક સાધો 0800 00 99 66 (નિશુલ્ક સેવા)

- ERoSH, રક્ષિત રહેઠાણ પૂરૂ પાડનારાઓનો સંઘ અને આ માહિતીપત્રિકા બહાર પાડનાર
  ટેલિ : 01249 654249
  ઇમેલ : info@shelteredhousing.org
  વેબસાઇટ : www.shelteredhousing.org